RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 159 * Date: 02.4.2026,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## યુદ્ધના કારણે ઊર્જા કટોકટી? ઓઈલના ભાવ ૧૫૦-૨૦૦ ડૉલર જવાની ભીતિ, વ્હાઈટ હાઉસે શરૂ કરી તૈયારીઓ



અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલા બાદ શરૂ થયેલું યુદ્ધ હવે બીજા મહિનામાં પ્રવેશી ચૂક્યું છે. આ સંઘર્ષને કારણે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વના ગણાતી હોર્મુઝ સ્ટ્રેટને ઈરાને બંધ કરી દેતા વિશ્વના ૨૦થી ૨૫ ટકા ઓઈલ અને ગેસ સપ્લાય પર સીધી અસર પડી છે. અહેવાલો અનુસાર, વ્હાઈટ હાઉસ હવે એવી ગંભીર સ્થિતિ માટે તૈયારી કરી રહ્યું છે જેમાં ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ ઈ૧૫૦થી ઈ૨૦૦ સુધી પહોંચી શકે છે.યુદ્ધ શરૂ થયા પહેલા બ્રેન્ટ ક્રૂડનો ભાવ ઈ૭૨ પ્રતિ બેરલ હતો, જે ઉછળીને ઈ૧૧૯ સુધી પહોંચી ગયો હતો. જોકે, ટ્રમ્પ દ્વારા યુદ્ધનો અંત લાવવાના સંકેત આપ્યા બાદ હાલમાં તે ઈ૧૦૭ પર ટ્રેડ થઈ રહ્યો છે. એનર્જી એક્સપર્ટ્સ ચેતવણી આપી રહ્યા છે કે જો હોર્મુઝ સ્ટ્રેટ હજુ ૬થી ૮ અઠવાડિયા સુધી બંધ રહેશે, તો ઓઈલના ભાવમાં તોતિંગ વધારો નિશ્ચિત છે. અમેરિકાના ટ્રેઝરી વિભાગે પણ સંકેત આપ્યા છે કે હવે ઈ૧૦૦ પ્રતિ બેરલએ ન્યૂ નોર્મલ બની જશે અને આગામી સમયમાં ભાવ ઈ૨૦૦ને પણ સ્પર્શી શકે છે.આ આર્થિક કટોકટીની સીધી અસર સામાન્ય જનતા પર જોવા મળી રહી છે. યુદ્ધની શરૂઆતથી અત્યાર સુધીમાં પેટ્રોલના ભાવમાં ૩૫% અને ડીઝલમાં ૪૫%નો વધારો થયો છે. નિષ્ણાતો માને છે કે ઈંધણના વધતા ભાવને કારણે જીવન જરૂરી ચીજવસ્તુઓ, કરિયાણું અને ટ્રાન્સપોર્ટેશન મોંઘા થશે, જેનાથી મોંઘવારીનો નવો આંકડો સામે આવશે. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે વ્હાઈટ હાઉસ હવે ઈમરજન્સી પાવર્સનો ઉપયોગ કરી કિંમતોને નિયંત્રિત કરવા માટે ઉદ્યોગ જગતના સંપર્કમાં છે.

## ઈરાન-અમેરિકા લડતાં રહ્યા અને નેતન્યાહૂએ કરી નાખ્યો 'ખેલ', લેબેનોનના સૈન્યનું 'સરન્ડર

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલો સંઘર્ષ હવે એક નવા વળાંક પર પહોંચ્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એક તરફ ઈરાન સાથે સમજૂતીની વાત કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ ઈઝરાયલ લેબેનોનમાં પોતાની સૈન્ય પકડ મજબૂત કરી રહ્યું છે. તાજેતરના અહેવાલો મુજબ, લેબેનોન સેનાએ દક્ષિણ લેબેનોનના બે વ્યૂહાત્મક રીતે મહત્ત્વના શહેરો, રમીશ અને એઈન એબેલમાંથી પોતાના સૈનિકો પાછા ખેંચી લીધા છે. લગભગ એક મહિના સુધી ચાલેલી લડાઈ બાદ લેબેનોન સેનાની આ પીછેહઠને ઈઝરાયલી ડિફેન્સ ફોર્સિસ માટે મોટા સંકેત તરીકે જોવામાં આવી રહી છે.નિષ્ણાતોના મતે,




લેબેનોનની સત્તાવાર સેના હિઝબુલ્લાહની સરખામણીએ સંસાધનોની દ્રષ્ટિએ ઘણી નબળી છે અને તે ઈઝરાયલના આધુનિક શસ્ત્રો અને વાયુસેનાનો સામનો કરી શકે તેવી સ્થિતિમાં નથી. આ શહેરોમાંથી સેનાનું હટવું એ ઈઝરાયલને લેબેનોનની અંદર પ્રવેશવા માટેનું એક પ્રકારે 'ખુલ્લું આમંત્રણ' માનવામાં આવે છે. વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ લાંબા સમયથી દક્ષિણ લેબેનોનમાં એક 'બફર ઝોન' બનાવવા માંગતા હતા જેથી હિઝબુલ્લાહના રોકેટ હુમલાઓને અટકાવી શકાય. હવે લેબેનોન સેનાના હટવાથી આ વિસ્તારોમાં ઈઝરાયલી ટેન્કો અને હિઝબુલ્લાહના લડવૈયાઓ આમને સામને આવી શકે છે.આ ઘટનાક્રમ મધ્ય પૂર્વના જંગમાં ઈઝરાયલ માટે એક મોટી સૈન્ય જીત સમાન છે. ગાઝા અને ઈરાન બાદ હવે લેબેનોનમાં પણ ઈઝરાયલને ઓછી મહેનતે રસ્તો મળી રહ્યો હોય તેવું જણાય છે. લેબેનોન પ્રશાસન કદાચ હવે વધુ તબાહી સહન કરવા તૈયાર નથી, જેના કારણે સેનાને પાછી ખેંચવાનો નિર્ણય લેવાયો હોય શકે છે. જોકે, સેનાના હટવાથી આ વિસ્તારોમાં રહેતા સામાન્ય નાગરિકોમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે અને લોકો ઉત્તર તરફ સ્થળાંતર કરી રહ્યા છે. માનવામાં આવે છે કે આગામી ૨૪થી ૪૮ કલાકમાં ઈઝરાયલ આ વિસ્તારોમાં 'ક્લીન-અપ ઓપરેશન' શરૂ કરી હિઝબુલ્લાહના ઠેકાણાઓ અને સુરંગોને નષ્ટ કરવાની પ્રક્રિયા તેજ કરશે.

## આવતીકાલે ટ્રમ્પ રાષ્ટ્રને સંબોધશે, ઈરાનમાં મોટો હુમલો, ખામેનેઈ અંગે લેટેસ્ટ અપડેટ

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હવે બે-ત્રણ અઠવાડિયામાં ઈરાન સામેનું યુદ્ધ ખતમ કરવાના મૂડમાં દેખાઈ રહ્યા છે. બીજી બાજુ આવતીકાલે વહેલી સવારે તેઓ કોઈ મોટી જાહેરાત પણ કરી શકે છે. બીજી બાજુ ઈરાનના પ્રમુખ પણ યુદ્ધ ખતમ કરવા તૈયાર દેખાઈ રહ્યા છે. અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધને ૩૩ દિવસ પૂરા થયા છે. સીરિયાના રાષ્ટ્રપતિ અહમદ અલ-શરાએ સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી સીરિયા પર સીધો હુમલો નહીં થાય ત્યાં સુધી તેઓ આ જંગમાં કૂદશે નહીં.અમેરિકન સેનાએ ઈરાનની સરહદની અંદર આવેલા ગુપ્ત અંડરગ્રાઉન્ડ સૈન્ય મથકો પર 'પ્રિસિઝન



મ્યુનિશન' (સચોટ નિશાન લગાવતા હથિયારો) વડે હુમલો કર્યો છે. આ ઓપરેશનનો હેતુ ઈરાની શાસનની સૈન્ય શક્તિને તોડી પાડવાનો છે.રશિયન રાજદૂત મુજબ ઈરાનના નવા સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈ ઈરાનમાં જ છે પરંતુ તે જાહેરમાં આવતા નથી. જોકે, અમેરિકાનો દાવો છે કે તેઓ હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયા છે અને તેમના ચહેરા પર ઈજાઓ પહોંચી છે.વ્હાઈટ હાઉસના જણાવ્યા અનુસાર, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ બુધવારે રાત્રે ૯ વાગ્યે (ભારતીય સમય મુજબ ગુરુવારે સવારે ૬:૩૦ કલાકે) દેશને સંબોધિત કરશે. આ સંબોધનમાં ઈરાનમાંથી અમેરિકી સેનાની વાપસી અંગે મોટી જાહેરાતો થઈ શકે છે.ફેડરલ જજે વ્હાઈટ હાઉસમાં બોલરૂમ બનાવવા પર રોક લગાવી હતી, પરંતુ ટ્રમ્પે આ માટે કોંગ્રેસની મંજૂરીની જરૂરિયાતને ફગાવી દીધી છે. તેમણે તર્ક આપ્યો કે આ પ્રોજેક્ટમાં ટેક્સના પૈસા નહીં પણ ખાનગી દાન વપરાઈ રહ્યું છે.ઈરાનના ઈસ્ફહાનમાં આવેલા મુબારકે સ્ટીલ પ્લાન્ટ પર એક અઠવાડિયામાં બીજી વાર હુમલો કરવામાં આવ્યો છે. આ પ્લાન્ટ ઈરાનનું સૌથી મોટું ઔદ્યોગિક કેન્દ્ર માનવામાં આવે છે.સામે લડવા માટે ઈઝરાયેલ અન્ય દેશો સાથે નવા સુરક્ષા ગઠબંધન બનાવી રહ્યું છે. જોકે તેમણે દેશોના નામ જાહેર કર્યા નથી.

## નેતન્યાહૂએ ટ્રમ્પથી અલગ રસ્તો અપનાવ્યો, યુદ્ધ ખતમ નહીં કરે, ક્ષેત્રમાં બનાવશે નવું ગઠબંધન

ઈરાન સામે ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે હવે મધ્ય પૂર્વમાં નવા સમીકરણો રચાઈ રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ સ્પષ્ટ સંકેત આપ્યા છે કે તેઓ ઈરાન વિરુદ્ધ એક નવો મોરચો ખોલવાની તૈયારીમાં છે. તેમણે જાહેરાત કરી છે કે ઈરાન સામે લડવા માટે આ ક્ષેત્રના મહત્ત્વના દેશો સાથે મળીને એક મજબૂત ગઠબંધન તૈયાર કરવામાં આવી રહ્યું છે. જોકે, આ ગઠબંધનમાં કયા દેશો સામેલ છે તેના નામનો ખુલાસો અત્યારે કરવામાં આવ્યો નથી, પરંતુ માનવામાં આવે છે કે આ પગલાથી ઈરાન પર દબાણ વધશે. નેતન્યાહૂના મતે, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સહયોગથી કરવામાં આવેલા હુમલાઓએ ઈરાની



શાસનના પાયા હચમચાવી દીધા છે.બીજી તરફ, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ ઈરાન મુદ્દે પોતાનો આગામી પ્લાન જાહેર કર્યો છે. ટ્રમ્પે સંકેત આપ્યો છે કે ઈરાન વિરુદ્ધનું ઓપરેશન હવે તેના અંતિમ તબક્કામાં છે અને આગામી બે સપ્તાહમાં તે પૂર્ણ થઈ શકે છે. ટ્રમ્પનું માનવું છે કે આ ઓપરેશન પૂરું થતા જ આંતરરાષ્ટ્રીય બજારમાં તેલની કિંમતોમાં મોટો ઘટાડો થશે. ખાસ વાત એ છે કે, ટ્રમ્પે અન્ય દેશોને સ્પષ્ટ કહી દીધું છે કે તેઓ હોર્મુઝ સ્ટ્રેટમાંથી ઓઈલ લાવવા માટે પોતાની સુરક્ષા જાતે જ કરે. તેમણે ચીન અને ફ્રાન્સ જેવા દેશોને ઉદ્દેશીને કહ્યું કે, હવે અમેરિકા આ બાબતે જવાબદારી લેવાને બદલે અન્ય દેશોને પોતાની સંભાળ રાખવા માટે પ્રોત્સાહિત કરશે.નેતન્યાહૂએ ઈરાની શાસન પર પ્રહાર કરતા જણાવ્યું કે, આયાતુલ્લા શાસને ઈઝરાયલને નકશા પરથી મિટાવવા માટે અત્યાર સુધીમાં અબજો ડૉલરનો ખર્ચ કર્યો છે, પરંતુ તે તમામ સંપત્તિ વેડફાઈ ગઈ છે. ઈઝરાયલે ઈરાનના પરમાણુ કાર્યક્રમ અને તેની બેલેસ્ટિક મિસાઈલ ક્ષમતા પર જોરદાર પ્રહાર કરીને મોટા જોખમોને ટાળી દીધા છે. નેતન્યાહૂએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે ઈઝરાયલ અને તેના સાથી દેશોની વ્યૂહનીતિને કારણે ઈરાનનું વર્તમાન શાસન વહેલું-મોડું ચોક્કસપણે પડી ભાંગશે. મધ્ય પૂર્વમાં બની રહેલા આ નવા ગઠબંધનથી આગામી સમયમાં રણનીતિ વધુ આક્રમક બનવાની શક્યતા છે.

## ઈરાનના રાષ્ટ્રપતિ પહેલીવાર યુદ્ધ ખતમ કરવા તૈયાર પરંતુ અમેરિકા પાસે માગી એક ગેરન્ટી

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા વિનાશક યુદ્ધ વચ્ચે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયને અત્યાર સુધીનું સૌથી મોટું નિવેદન આપ્યું છે. તેમણે સંકેત આપ્યો છે કે તેહરાન અમેરિકા સાથે ચાલી રહેલા આ લોહિયાળ સંઘર્ષને સમાપ્ત કરવા માટે 'જરૂરી ઈચ્છાશક્તિ' ધરાવે છે. જોકે, આ શાંતિ પ્રસ્તાવ સાથે ઈરાને શરત મૂકી છે કે તેમને ભવિષ્યમાં થનારા કોઈ પણ સંભવિત હુમલાઓ સામે મજબૂત 'સુરક્ષા ગેરંટી' આપવામાં આવે.આ ઘટનાક્રમમાં સૌથી મહત્ત્વની કડી એ છે કે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીના જણાવ્યા અનુસાર, તેમને અમેરિકન વાર્તાકાર સ્ટીવ વિટકોફ તરફથી સીધો સંદેશ



મળ્યો છે. આ પ્રથમ વખત છે જ્યારે આ જંગ દરમિયાન અમેરિકા અને ઈરાન વચ્ચે સીધી વાતચીત થઈ હોય. રાષ્ટ્રપતિ પેઝેશ્કિયને યુરોપિયન કાઉન્સિલના અધ્યક્ષ સાથેની વાતચીતમાં સ્પષ્ટ કર્યું કે, ×અમે આ જંગને વધુ ખેંચવા માંગતા નથી. જો અમારી સુરક્ષા સુનિશ્ચિત થાય અને ભવિષ્યમાં આક્રમણ ન થવાની ખાતરી મળે, તો અમે સમજૂતી માટે તૈયાર છીએ.એક તરફ ઈરાન શાંતિની વાત કરી રહ્યું છે, તો બીજી તરફ અમેરિકન પ્રમુ ડોનાલ્ડ ટ્રમ્પ હજુ પણ આક્રમક મૂડમાં છે. એક ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે કહ્યું,અમે અત્યારે તેમને સંપૂર્ણપણે ખતમ કરી રહ્યા છીએ. અમે ત્યાં લાંબો સમય રોકાવાના નથી, પરંતુ તેમની બચેલી હુમલો કરવાની ક્ષમતાને તોડી પાડવા માટે હજુ થોડું કામ બાકી છે.× ટ્રમ્પે અગાઉ જ ઈરાનના તેલ કેન્દ્ર 'ખાર્ગ આઈલેન્ડ' પર કબજો કરવાના સંકેતો આપી દીધા છે.ભલે પડદા પાછળ વાતચીત શરૂ થઈ હોય, પરંતુ સરહદ પર સ્થિતિ હજુ પણ ગંભીર છે. અમેરિકાએ હજારો વધારાના સૈનિકો, મરીન યુનિટ્સ અને પેરાટ્રૂપર્સ આ વિસ્તારમાં તૈનાત કર્યા છે. અમેરિકી રક્ષા સચિવ પીટ હેગસેથે આગામી દિવસોને 'નિર્ણાયક' ગણાવ્યા છે. ઈરાને ગયા અઠવાડિયે ટ્રમ્પના ૧૫-મુદ્દાના શાંતિ પ્રસ્તાવને ફગાવી દીધો હતો, પરંતુ હવે બદલાયેલી સ્થિતિમાં ઈરાન પોતાની શરતો સાથે ટેબલ પર આવવા મજબૂર બન્યું હોય તેમ જણાય છે.

## તંત્રી લેખ....

# મોંઘવારીનો બોમ્બ ફૂટ્યો, કોમર્શિયલ LPGના ભાવમાં ૧૯૫.૫ રૂપિયાનો તોતિંગ વધારો ઝીંકાયો

વૈશ્વિક ઉર્જા સંકટ અને મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા જંગને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલની કિંમતોમાં ૫૦% જેટલો ઉછાળો આવ્યો છે. તેની સીધી અસર હેઠળ ભારતમાં સરકારી તેલ કંપનીઓએ કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો કર્યો છે. ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ જેવી કંપનીઓએ આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક અને એક્સચેન્જ રેટના આધારે આ નવા ભાવો લાગુ કર્યા છે.સરકારી તેલ કંપનીઓના જણાવ્યા અનુસાર, દિલ્હીમાં હવે ૧૯ ાપ્ર વાળા કોમર્શિયલ ઁ સિલિન્ડરની કિંમત ૧૯૫.૫ રૂપિયા વધીને ૨,૦૭૮.૫૦ રૂપિયા થઈ ગઈ છે. અગાઉ ૧ માર્ચના રોજ આ સિલિન્ડરમાં ૧૧૪.૫ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો.જોકે, સામાન્ય જનતા માટે રાહતના સમાચાર એ છે કે ઘરેલું કુકિંગ ગેસ ના ભાવમાં અત્યારે કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. દિલ્હીમાં ૧૪.૨ ાપ્ર ના ઘરેલું સિલિન્ડરની કિંમત ૯૧૩ રૂપિયા યથાવત છે. છેલ્લે ૭ માર્ચના રોજ ઘરેલું સિલિન્ડરમાં ૬૦ રૂપિયાનો વધારો જોવા મળ્યો હતો. મિડલ ઈસ્ટ યુદ્ધને કારણે સપ્લાય ચેઈનમાં અવરોધ આવતા દિલ્હીમાં કોમર્શિયલ ગેસ સપ્લાય પર ૨૦% કેપ (મર્યાદા) પણ લાદવામાં આવી છે.ગેસના ભાવમાં વધારા વચ્ચે પેટ્રોલ અને ડીઝલના ભાવ હાલ સ્થિર જોવા મળી રહ્યા છે. ગયા વર્ષે માર્ચમાં પ્રતિ લિટર ૨ રૂપિયાના ઘટાડા બાદ કિંમતોમાં કોઈ મોટો ફેરફાર થયો નથી. અત્યારે દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૯૪.૭૨ રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલની કિંમત ૮૭.૬૨ રૂપિયા પ્રતિ લિટર છે.પશ્ચિમ એશિયામાં તણાવને કારણે હોર્મુઝની ખાડી ઓળંગીને ભારત પહોંચેલા ઁ ટેન્કરોથી હાલ પુરવઠો જાળવી રાખવાનો પ્રયાસ થઈ રહ્યો છે, પરંતુ જો યુદ્ધ લાંબુ ચાલશે તો આગામી સમયમાં પેટ્રોલિયમ પેદાશોના ભાવમાં હજુ પણ વધારો થવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

# વૈશ્વિક કટોકટી વચ્ચે પણ ભારતે સફળ વિદેશ નીતિથી મોંઘવારી કાબૂમાં રાખી

વૈશ્વિક કટોકટી-વૈશ્વિક અસ્થિરતા વચ્ચે પણ ભારતે સફળ વિદેશ નીતિને કારણે ઈંધણના ભાવ અને મોંઘવારીને નિયંત્રણમાં રાખ્યા છે. રાજકીય પક્ષો વૈશ્વિક સંકટના સમયમાં પણ પોતાનો રાજકીય લાભ મેળવવામાં વ્યસ્ત છે. દેશને એકતા-સહકારની જરૂર છે ત્યારે વિપક્ષના નેતાઓ દેશને વિભાજીત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે તેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વાવ-થરાદ ખાતે તેમના સંબોધનમાં જણાવ્યું હતું. વાવ-થરાદ ખાતેથી સમગ્ર ગુજરાત માટે રૂપિયા ૧૯૮૦૦ કરોડના પ્રોજેક્ટનું લોકાર્પણ-ખાત મુહૂર્ત કર્યા બાદ વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, ‘પડકારજનક સમય અને અનેક મુશ્કેલીઓ હોવા છતાં આપણા દેશના નાગરિકો એકતા સાથે ઊભા રહે છે. છેલ્લા કેટલાક સમયમાં તમે જોયું હશે કે વિશ્વના અનેક દેશો યુદ્ધ, અસંતોષ અને અસ્થિરતાથી પીડાઈ રહ્યા છે. પશ્ચિમ એશિયામાં સર્જાયેલી પરિસ્થિતિનો પ્રભાવ સમગ્ર વિશ્વ



પર પડયો છે. ઊર્જાની જરૂરિયાતો જેમ કે ડીઝલ, પેટ્રોલ અને ગેસની અછત સમગ્ર દુનિયામાં વધી ગઈ છે. આવા સંકટમાં પણ ભારતે પરિસ્થિતિને નિયંત્રણમાં રાખી છે. આ પાછળ દેશની સફળ વિદેશ નીતિ અને દેશવાસીઓની એકતાનો મોટો ફાળો છે.જ્યારે દેશને એકતાની જરૂર છે ત્યારે વિપક્ષ ભય અને અફવા ફેલાવીને દેશને વહેંચવાનું કામ કરી રહી છે. વૈશ્વિક મંચ પર ભારતની છબી ખરાબ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે, જેનાથી જનતાએ સાવધ રહેવું જોઈએ. ‘ આજે વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ કરવામાં આવ્યા છે,સાથે તેમણે માર્ગ અને રેલવે કનેક્ટિવિટીમાં થઈ રહેલા વિકાસ થકી આ વિસ્તારના ઉદ્યોગો અને ખેડૂતો માટે નવા દ્વાર ખોલાશે એમ જણાવતાં તેમણે ઉમેર્યું કે, ગુજરાત રિન્યુએબલ એનર્જીમાં વિશ્વનું કેન્દ્ર બની રહ્યું છે. ખાવડા સોલર પાર્ક દ્વારા ૪ ગીગાવોટ વીજળી પેદા થશે, જે ખેતી અને ઉદ્યોગો માટે આશીર્વાદરૂપ બનશે.‘ રૂપિયા ૭૦૫ કરોડના ઇડર-બડોલી બાયપાસ ફોર લેન રોડ, રૂપિયા ૫૭૫ કરોડના ધોળાવીરા-મૌવાણા-વોવા-સાંતલપુર સેકશનનું ખાતમુહૂર્ત. ૧૨૯૮કરોડના અમદાવાદ-ધોલેરા પેકેજ ૧, રૂપિયા ૧૪૧૫ કરોડના પેકેજ ૨ રૂપિયા ૧૦૩૪ કરોડના પેકેજ ૩, રૂપિયા ૧૩૫૮ કરોડના પેકેજ ૪નું લોકાર્પણ. આ એરબેઝ આંતરરાષ્ટ્રીય સરહદથી માત્ર ૧૩૦ કિમી દૂર છે, જે દેશની સુરક્ષા માટે અત્યંત વ્યૂહાત્મક છે. આ એરબેઝથી વિકાસને નવી દિશા મળશે. અલબત્ત, અગાઉની સરકારને ગુજરાત પ્રત્યે અણગમો હોવાથી આ પ્રોજેક્ટ દાયકાઓથી ફાઈલમાં દબાયેલો પડયો હતો. દાયકાઓથી આ વિસ્તાર જે ઉપેક્ષા અને મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો હતો, તેનો હવે અંત આવ્યો છે.‘

# યુવતી લિંક કાઢવા જતા ગ્રૂપમાં એડ થતાં જ ખાતામાંથી ૧.૭૪ લાખ ઉપડી ગયા

સાયબર ગઠિયાઓ લોકોને છેતરવા માટે અવનવી તરકીબ અપનાવી રહ્યા છે. તેમાંયે ખાસ કરીને જાત જાતની લિંક મોકલીને રૂપિયા કમાવા પ્રલોભન આપતા હોય છે જો ભુલથી લિંક ઓપન કરવામાં આવે તો ખાતું ખાલી થઇ જવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મેઘણીનગરની યુવતીના મોબાઇલમાં એક લિંક આવી હતી જેથી યુવતી લિંક કાઢવા જતાં વીઆઇપી નામના અજાણ્યા ગ્રૂપમાં એડ થઇ ગઇ હતી અને બે દિવસમાં જુદા જુદા છ વ્યક્તિના ખાતામાં કુલ રૂા. ૧.૭૪ ટ્રાન્સફર થઇ ગયા હતા જો કે રૂપિયા ઉપડી ગયા બાદ મેસેજ આવ્યો કે રૂપિયા પરત લેવા માટે રૂા. ૨૫,૦૦ ટ્રાન્સફર કરો તમારી ગયેલી રકમ પાછી આવી જશે યુવતીએ ફોન પે એપ્લીકેશન ચેક કરતાં ખાતામાંથી રૂપિયા ઉપડી ગયાની જાણ થઇ હતી. આ બનાવ અંગે મેઘાણીનગર પોલીસે છ લોકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.મેઘાણીનગરમાં મહિલાએ મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં કિર્તી સહિત ચાર લોકો સામે ફરિયાદ નોંધાવી છે કે તા. ૦૭-૧૧-૨૦૨૫ના રોજ યુવતીના મોબાઇલમાં ટેલીગ્રામ એપ્લિકેશનમાં લિંક આવી હતી જે લિંક કાઢવા જતાં યસ લખેલું તેના ઉપર ક્લીક થઇ જતાં બે દિવસ પછી વીઆઇપી નામના ગ્રૃપમાં એડ થઇ ગયા હતા.તા. ૧૦-૧૧-૨૫ના રોજ ફરિયાદીના બેન્ક એકાઉન્ટમાંથી રૂા. ૫૦૦૦ કિર્તી નામની વ્યકિતના ખાતામાં ટ્રાન્સફર થયા હતા આમ વારા ફરતી બીજા પાંચ લોકોના જુદા જુદા બેન્ક એકાઉન્ટમાં કુલ રૂા. ૧.૭૪ ટ્રાન્સફર થઇ ગયા હતા જો કે રૂપિયા ઉપડી ગયા પછી તા. ૧૩-૧૧-૨૫ના રોજ મેસેજ આવ્યો કે રૂપિયા પરત લેવા માટે રૂા. ૨૫,૦૦ ટ્રાન્સફર કરો તમારી ગયેલી રકમ પાછી આવી જશે યુવતીએ ફોન પે એપ્લિકેશન ચેક કરતાં ખાતામાંથી રૂપિયા ઉપાડીને તેમની સાથે વિશ્વાસઘાત, છેતરપીંડી થયાની જાણ થઇ હતી.

# સવારે ૬ વાગ્યે ૧ ઈમેલ આવ્યો અને ૩૦૦૦૦ લોકોએ નોકરી ગુમાવી, ઓરેકલ કંપનીનો ચોંકાવનારો નિર્ણય

અમેરિકાની ટેક કંપની ઓરેકલે ભારત સહિત વિશ્વભરમાં આશરે ૩૦ હજાર જેટલા કર્મચારીઓની એક સાથે છટણી કરી નાખી હોવાના અહેવાલો છે. જેમાં સૌથી વધુ ૧૨ હજાર કર્મચારીઓ માત્ર ભારતના છે. વળી નવાઈની વાત એ છે કે કર્મચારીઓને વહેલી સવારે છ વાગ્યે માત્ર એક ઈમેલ મોકલીને નોકરીમાંથી કાઢી મુકવાની જાણકારી આપવામાં આવી. કંપનીના કર્મચારીઓએ આ અંગેની જાણકારી સોશિયલ મીડિયા પર જાહેર કરી હતી. ઓરેકલના કોમ્પ્યુટિંગ બિઝનેસને હાલ અનેક પ્રાંતોમાં મોટો ફટકો પડયો છે, જેમાં ભારત અને મેક્સિકોનો પણ સમાવેશ થાય છે. ઓરેકલ દ્વારા સત્તાવાર આ છટણીની કોઇ માહિતી જાહેર કરવામાં નથી આવી પરંતુ




કર્મચારીઓએ પોતાને જે ઈમેલ કંપની તરફથી મળ્યો તેની વિગતો જાહેર કરી છે. ઓરેકલ દ્વારા કર્મચારીઓને જે ઈમેલ મોકલવામાં આવ્યો છે તેમાં લખ્યું છે કે કંપનીમાં મોટા ફેરફાર ચાલી રહ્યા છે, આ ફેરફારોને કારણે એવો નિર્ણય લેવાયો છે કે કર્મચારી તરીકે કંપનીમાં તમારુ જે પદ હતું તેની હવે કોઇ જરૂર નથી રહી. ઓરેકલના ભારતમાં જ ૩૦ હજાર જેટલા કર્મચારીઓ છે જેમાંથી ૧૨ હજાર જેટલાને છૂટા કરવામાં આવ્યા છે જયારે વૈશ્વિક સ્તરે ૩૦ હજાર કર્મચારીઓની છટણી કરાઇ હોવાના અહેવાલો છે. કંપનીના એક પૂર્વ કર્મચારી મેરુગુ શ્રીધરે કહ્યું હતું કે કંપનીએ ભારતમાં ૧૬ કલાકની વર્ક શિફ્ટ રાખી હતી જેના વિરોધમાં મે સામેથી જ કંપનીમાંથી રાજીનામુ આપી દીધુ હતું. કેટલાક કર્મચારીઓએ સોશિયલ મીડિયા પર પોતાના અનુભવો જાહેર કર્યા છે, રેડિટ પર એક પોસ્ટમાં લખવામાં આવ્યું છે કે મારા પિતા ૨૦ વર્ષથી ઓરેકલમાં કામ કરી રહ્યા હતા, તેમને કેન્સર છે, કંપનીએ તેમને એક પણ ફોન ના કર્યો અને માત્ર એક ઈમેલથી છૂટા કરી દીધા. આ કંપનીઓ ખરેખર રાક્ષસ છે. કેટલાકે જવાબમાં લખ્યું કે જે કર્મચારીઓ કંપનીને ઉભી કરવામાં પીઠબળ બન્યા તેમને માત્ર એક ઈમેલથી જ છૂટા કરી દેવાયા. આ ખરેખર સારુ નથી થયું. ભારતમાં ઓરેકલના અન્ય જે કર્મચારીઓ છે તેમની નોકરી પણ જોખમમાં છે, કેમ કે અહેવાલો મુજબ એક મહિનામાં કંપની વધુ અનેક કર્મચારીઓની છટકણી કરવાની તૈયારીમાં છે.

# મિડલ ઈસ્ટ યુદ્ધમાં જીવ ગુમાવનારા ૨૦ ભારતીયોના મૃતદેહ સાથે કુવૈતથી કેરળ પહોંચ્યું વિમાન

કુવૈતમાં વિવિધ કારણોસર જીવ ગુમાવનારા ૨૦ ભારતીયોના પાર્થિવ દેહ મંગળવારે લાંબી રાહ જોયા બાદ કેરળના કોચ્ચી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પહોંચ્યા છે. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવ અને યુદ્ધની સ્થિતિને કારણે વિમાન સેવાઓમાં મોટો વિક્ષેપ પડ્યો હતો, જેના લીધે આ મૃતદેહોને ભારત લાવવામાં ઘણો સમય લાગ્યો હતો. કુવૈત એરવેઝની વિશેષ ઉડાન ઢ્વેંપ૬૩૨ કોલંબો થઈને કોચ્ચી પહોંચી હતી. આ એક ખાસ ફ્લાઈટ હતી જેમાં કોઈ મુસાફરો




નહોતા, તે માત્ર પાર્થિવ દેહ લાવવા માટે જ ઓપરેટ કરવામાં આવી હતી.એરપોર્ટ પ્રશાસનના જણાવ્યા અનુસાર, વિમાન લેન્ડ થતાની સાથે જ તમામ ૨૦ મૃતદેહોને તેમના વતન મોકલવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. મૃતકોમાં મોટાભાગના લોકો કેરળના કોઝીકોડ, અલાપ્પુઝા અને કોટ્ટાયમ જિલ્લાના રહેવાસી હતા. આ ઉપરાંત, કેટલાક મૃતદેહોને સડક માર્ગે તમિલનાડુ મોકલવા માટે એમ્બ્યુલન્સ અને અન્ય જરૂરી વ્યવસ્થાઓ અગાઉથી જ પૂર્ણ કરી લેવામાં આવી હતી.મહત્ત્વની વાત એ છે કે, આ મૃત્યુને ત્યાં ચાલી રહેલા યુદ્ધ સાથે કોઈ સીધો સંબંધ નથી, પરંતુ યુદ્ધના કારણે પેદા થયેલી વ્યુહરચના અને ફ્લાઈટના ખોરવાયેલા શેડ્યૂલને કારણે આ વિલંબ થયો હતો. લાંબા સમયથી પડતર રહેલી તમામ ઔપચારિકતાઓ પૂર્ણ થયા બાદ હવે તમામ પાર્થિવ દેહ તેમના પરિજનોને સોંપવામાં આવ્યા છે. આ ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે આંતરરાષ્ટ્રીય સંઘર્ષોની અસર માત્ર જીવતા લોકો પર જ નહીં, પણ માનવીય સંવેદનાઓ અને અંતિમ સંસ્કાર જેવી પ્રક્રિયાઓ પર પણ પડે છે.

# ૭ વર્ષ બાદ પહેલીવાર ઈરાનથી કોઈ જહાજ ઓઈલ લઈને ગુજરાત પહોંચશે, હોર્મુઝ બંધ છતાં નો ટેન્શન!

મધ્ય-પૂર્વમાં યુદ્ધના કારણે સર્જાયેલી ઓઈલ કટોકટી વચ્ચે ૨૦૧૯ પછી પહેલી વખત ઈરાનના ક્રૂડ ઓઈલ સાથે ભારતનું જહાજ ગુજરાતના બંદરે પહોંચશે. ભારતે અમેરિકાના પ્રતિબંધોના કારણે ૨૦૧૯થી ઈરાન પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી બંધ કરી હતી. અમેરિકાએ ઈરાનના ક્રૂડ ઓઈલ પરના પ્રતિબંધોમાં એક મહિના માટે છૂટ આપતા ભારતીય રિફાઈનરીઓ ઈરાન પાસેથી વધુ પ્રમાણમાં ઓઈલ ખરીદવા પર નજર દોડાવી રહી છે.

હોર્મુઝની ખાડીમાં ઈરાનની નાકાબંધીના કારણે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલની કટોકટી સર્જાતા અમેરિકાએ ઈરાનના ઓઈલની ખરીદી પરનો પ્રતિબંધ ૩૦ દિવસ માટે ઉઠાવી લીધો છે, જેના પગલે ફરી એક વખત ભારત-ઈરાન ઓઈલનો વેપાર શરૂ થવાની સંભાવના છે. અમેરિકાના પ્રતિબંધોના કારણે જ ભારતે ૨૦૧૯થી ઈરાન પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી બંધ કરી હતી. હવે પહેલી વખત ૬ લાખ બેરલ ક્રૂડ ઓઈલ સાથે વેસલ પિંગ શન વાડીનાર બંદરે પહોંચી રહ્યું




છે. ભારતીય રિફાઈનરીઓ ક્રૂડ ઓઈલની અછતનો સામનો કરી રહી છે તેવા સમયે આ ઓઈલ પહોંચતા તેમને આંશિક રાહત મળી છે. જોકે, આ ઓઈલની ખરીદી કરનારા ખરીદારનું નામ જાહેર કરાયું નથી.ભારતના ઓઈલ મંત્રાલયે જણાવ્યું કે, ઈરાનના ક્રૂડ ઓઈલની ખરીદી ફરી શરૂ કરવા અંગેનો નિર્ણય ટેક્નો-કોમર્શિયલ સંભાવનાઓના આધારે લેવાશે. ઐતિહાસિક રીતે ભારત ઈરાની લાઈટ અને હેવી ગ્રેડ ક્રૂડ ઓઈલનું મોટું ખરીદદાર હતું. હાલ અમેરિકાએ ૧૯ એપ્રિલ સુધી પ્રતિબંધો હળવા કર્યા છે ત્યારે સમુદ્રમાં અંદાજે ૯.૫ કરોડ બેરલનું ઈરાની ઓઈલ વેસેલ્સમાં લદાયેલું છે, જેમાંથી ૫.૧ કરોડ બેરલ ક્રૂડ ઓઈલ ભારતને વેચવામાં આવી શકે છે. બાકીનું ક્રૂડ ઓઈલ ચીન અને દક્ષિણ-પૂર્વ એશિયામાં અન્ય ખરીદદારોને વેચવામાં આવી શકે છે. વાડીનારમાં રશિયન ઓઈલ કંપની રોસનેફ્ટની પેટા કંપની નાયરા એનર્જીની ઓઈલ રિફાઈનરી છે, જ્યાં વાર્ષિક બે કરોડ ટન ઓઈલ રિફાઈન થાય છે. આ સિવાય ભારત પેટ્રોલિયમની બિના રિફાઈનરી જેવી હિન્ટરલેન્ડ રિફાઈનરીઓ માટેનું ક્રૂડ ઓઈલ પણ વાડીનાર બંદરે આવે છે.

# પંજાબ કિંગ્સે ગુજરાત ટાઈટન્સને ૩ વિકેટે હરાવ્યું, કૂપર કોનોલીએ ફટકાર્યા વિસ્ફોટક ૭૨ રન

ઁ-૨૦૨૬: આજે ઈન્ડિયન પ્રીમિયર લીગના ચોથા મુકાબલામાં ગુજરાત ટાઈટન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે ટક્કર થઈ હતી, મુલ્લાનપુરના મહારાજા યાદવિન્દ્ર સિંહ (ઁ) સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં પંજાબે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી હતી, ગુજરાત ટાઈટન્સ(ૄ)એ ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને




૧૬૨ રન બનાવ્યા હતા. ટાર્ગેટને સર કરવા ઉતરેલી પંજાબ કિંગ્સે ૫ બોલ બાકી રહેતા ૩ વિકેટે મેચ જીતી લીધી છે. કૂપર કોનોલીએ શાનદાર પ્રદર્શન કરતા ૪૪ બોલમાં ૭૨ રન તો પ્રભસિમરન સિંહે ૨૪ બોલમાં ૩૭ રન ફટકાર્યા હતા. ગુજરાતના બોલર પ્રસિદ્ધ કૃષ્ણાએ ત્રણ વિકેટ તો અશોક શર્મા, સુંદર, રાશિદ ખાન, રબાડાએ એક એક વિકેટ ખેરવી હતી. કેપ્ટન શુભમન ગિલે ૩૯ અને જોસ બટલરે ૩૮ રન તો પંજાબના બોલર વિજયકુમાર વૈશાખે ૩ અને યુઝવેન્દ્ર ચહલે ૨ વિકેટ ચટકાવી હતી.પંજાબને જીત અપાવવામાં ડેબ્યૂ કરનાર કૂપર કોનોલીએ સૌથી મોટું યોગદાન આપ્યું હતું, જેને ૪૪ બોલમાં ૫ ચોગ્ગા અને ૫ છગ્ગાની મદદથી ૭૨ રનની શાનદાર ઈનિંગ રમી હતી. કોનોલી ત્રીજી વિકેટ માટે બેટિંગ કરવા મેદાનમાં ઉતર્યો હતો. પંજાબની ટીમનું મિડલ ઓર્ડર ખરાબ રીતે લથડ્યું હતું અને ટીમે એક સમયે માત્ર ૦૮ રનના ગાળામાં ૪ વિકેટ ગુમાવી દીધી હતી. આમ છતાં, કોનોલી ક્રિઝ પર ટકી રહ્યો હતો અને મેચ વિનિંગ ઈનિંગ રમી પંજાબને ઁ-૨૦૨૬ની પ્રથમ મેચમાં જીતનો સ્વાદ ચખાડ્યો હતો.ગુજરાતની શરૂઆત આક્રમક રહી હતી. ટીમે પાવરપ્લેની પ્રથમ ૬ ઓવરમાં જ ૫૪ રન જોડી દીધા હતા. જોકે, પાવરપ્લે બાદ પંજાબના બોલરોએ મેચ પર પકડ મજબૂત કરી હતી અને રન ગતિ પર બ્રેક લગાવી હતી. ટીમ વતી કેપ્ટન શુભમન ગિલ સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન રહ્યો હતો. ગિલે ૨૭ બોલમાં ૬ ચોગ્ગાની મદદથી ૩૯ રનની ઉપયોગી ઈનિંગ રમી હતી. મધ્ય ઓવરોમાં પંજાબની શિસ્તબદ્ધ બોલિંગ સામે ગુજરાતના બેટ્સમેનો સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા. પંજાબ કિંગ્સ તરફથી બોલિંગમાં વિજયકુમાર વૈશાકે શાનદાર પ્રદર્શન કરતા સૌથી વધુ ૩ વિકેટ ઝડપી હતી. અનુભવી સ્પિનર યુઝવેન્દ્ર ચહલે ૨ વિકેટ અને માર્કો યાનસને ૧ વિકેટ મેળવી હતી.પંજાબ માટે છેલ્લી ઓવર ફેંકનાર અર્શદીપ સિંહ લયમાં જણાતો ન હતો. તેણે વાઈડ અને નો-બોલના કારણે આ ઓવરમાં કુલ ૧૧ બોલ ફેંકવા પડ્યા હતા, જેણે ગુજરાતના સ્કોરને ૧૬૦ને પાર પહોંચાડવામાં મદદ કરી હતી.શ્રેયસ અય્યર (કેપ્ટન),

# હર્ષવર્ધન રાણેની યુનિફોર્મ ફિલ્મ માટે અનિલ કપૂરને ઓફર



મિલાપ ઝવેરી અને હર્ષવર્ધન રાણે ‘એક દીવાને કી દીવાનિયત‘ પછી બીજી વખત ફિલ્મ ‘યુનિફોમ‘માં સાથે કામ કરશે. હવે આ ફિલ્મને લઈને અપડેટ છે કે,આ ફિલ્મમાં અનિલ કપૂરની એન્ટ્રી પણ થવાની શક્યતા છે.અનિલકપૂરનો આ ફિલ્મમાં પોલીસ ઓફિસરના રોલ માટે સંપર્ક કરવામાં આવ્યો છે. આ ફિલ્મમાં હર્ષવર્ધન રાણે અનેઆકાંક્ષા શર્મા મુખ્ય ભૂમિકામાં હશે. ફિલ્મનું શૂટિંગ મે ૨૦૨૬માં શરૂ કરવામાં આવશે. જોકે અનિલ કપૂરની આ ફિલ્મની એન્ટ્રી વિશે સત્તાવાર ઘોષણા કરવામાં આવી નથી.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO 167**
વિષય:"દ્રષ્ટિ"
શિર્ષક:"જીવન તણું અંગ"
પ્રકાર:પદ્ય
શબ્દો:૭૮

દ્રષ્ટિ એવી સૃષ્ટિ, એમ કહેવાય છે,
પણ નિર્મલ દ્રષ્ટિ, ક્યાં સહેવાય છે.
ભોલેનાથને સહુ તો, ત્રિનેત્ર કહે છે,
અગન જ્વાળા તેની, તો પંકાય છે.
કરુણા,પ્રેમ,ભાવ ને દયનીય દ્રષ્ટિ,
જેને સમજવી છે, તેને સમજાય છે.
દ્રષ્ટિ હીન, હીન નથી, પ્રજ્ઞા ચક્ષુ છે,
બ્રેઇલ લિપિથી, તેને પણ વંચાય છે.
દ્રષ્ટિ જ સાચું, જીવનનું તો અંગ છે,
દ્રષ્ટિથી જ જીવનનમાં, તો ઉમંગ છે.

નરેન્દ્ર ત્રિવેદી(ભાવનગર)
★★★★★★★
**NOGSS NO:158**
વિષય:દ્રષ્ટિ
શીર્ષક: જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ
પ્રકાર:પદ્ય શબ્દો:૮૮

દ્રષ્ટિ હોય સારી દેખાય સારું સર્વત્ર,
દ્રષ્ટિમાં હોય ફેર ખરાબ દેખાય અન્યત્ર!

દ્રષ્ટિ જો હોય મીરાંબાઈ જેવી,
ઝેરના કટોરામાં પણ અમૃત દેખાય!

દ્રષ્ટિ જો હોય મામા કંસ જેવી,
તેને ભગવાનમાં પણ દુશ્મન દેખાય!

દ્રષ્ટિ જો હોય બાણાવળી અર્જુન જેવી,
જેને ફક્ત પંખીની આંખ લક્ષ્ય જ દેખાય!
આશા ભરી દ્રષ્ટિ?? નિરાશા આશામાં ફેરવાય,
જીતની દ્રષ્ટિ હાર પણ જીતમાં ફેરવાય!

યુધિષ્ઠિરને સજ્જન દુર્યોધનને દુર્જન દેખાય,
'પ્રેમ' જેવી હોય દ્રષ્ટિ તેવી જ સૃષ્ટિ દેખાય!

પાલજીભાઈ રાઠોડ 'પ્રેમ'
(આદરીયાણા- સુરેન્દ્રનગર)
★★★★★★★
**NOG.ss No.213**
વિષય :- દ્રષ્ટિ
શીર્ષક :- 'મુજ દ્રષ્ટા'
પ્રકાર :- પદ્ય.

મુજ દ્રષ્ટિમાં તું દ્રશ્ય બનીને તો આવ.

મીરાના તંબુરને સુણી ઘણી, વાણીમાં વાદ્ય બની તું આવ,
કરી પુષ્પ પત્રથી પૂજા ઘણી, જીવન સૌરભ બની તુ આવ.

ધૂપ જ્યોતિ મેં જગાવી ઘણી, જ્ઞાન જ્યોતિમાં ઝબૂકી તું આવ,
વેદ શાસ્ત્રની વિદ્યા લીધી ઘણી,
વાણી વિવેકને વહાવી તું આવ.

સાગરને ક્ષિતિજે શોધી ઘણી, પાવન પવન બની તુ આવ,
પંખી ના કલર જેવી છે વાણી, મુજ કંઠમાં કલરવ ભરી તું આવ.

અમૃત બની જાય પાદુકાના પાણી, મારા પગલાનો સાથી બની તુ આવ,
મુજ દ્રષ્ટિમાં તું દ્રશ્ય બનીને તો આવ.

કવિ શ્રી યોગેશભાઈ પંડ્યા ' સ્વજન ' (જુનાગઢ)
★★★★★★
**NOG SS NO.:0101**
વિષય : દ્રષ્ટિ
શીર્ષક:રમેશભાઈ
પ્રકાર : હાસ્ય વાર્તા શબ્દો: ૩૫૦

?રમેશભાઈ એમ માનતા કે આખી સોસાયટીમાં જો કોઈની પાસે સર્વોત્તમ 'દ્રષ્ટિ' હોય, તો એ માત્ર એમની પાસે જ છે. આ આત્મવિશ્વાસ પાછળ કોઈ વેદાંતના ગ્રંથો કે હિમાલયનું તપ નહોતું, પણ એક રવિવારે ગરમાગરમ સમોસા ઝાપટતા ઝાપટતા યૂટ્યુબ પર જોયેલા ત્રણ 'મોટિવેશનલ' વીડિયોનું ભાથું હતું.
?એક સવારે રમેશભાઈ મોડા જાગ્યા. ઉતાવળમાં પથારીમાંથી ઊભા થતા જ ભત્રીજાએ મૂકેલી રમકડાંની ગાડી પર એમનો પગ પડ્યો અને રમેશભાઈ હવામાં 'સ્લો-મોશન'માં ગરબડીયા ખાઈને જમીનદોસ્ત થયા.
?કોઈ સામાન્ય માણસ હોત તો કહેત, "નસીબ જ ફૂટેલા છે!"
?પણ રમેશભાઈ તો રમેશભાઈ! જમીન પર ચત્તાપાટ સૂતા-સૂતા, પોતાના જીવનના નિર્ણયોની જેમ ગોળ-ગોળ ફરતા છતના પંખાને તાકીને તેઓ મલકાયા અને બોલ્યા, "આહ! જિંદગી મને આજે સંતુલન (બેલેન્સ) શીખવી રહી છે."
?એમનાં પત્ની મીનાબહેને રસોડામાંથી ડોકિયું કર્યું અને કટાક્ષમાં કહ્યું, "જિંદગી તમને સંતુલન નહીં, પણ સમયસર જાગવાનું શીખવી રહી છે. ઊભા થાઓ હવે!"
?ઓફિસે જવા નીકળ્યા તો સ્કૂટરે દગો દીધો. દસ કિક મારી, પણ એન્જિન હલ્યું નહીં. પરસેવો લૂછતા રમેશભાઈએ લાંબો શ્વાસ લીધો અને બોલ્યા, "કુદરતનો સંકેત છે કે મારે હવે થોડા ધીમા પડવાની જરૂર છે."
?બાજુમાંથી પસાર થતા પાડોશીએ ટાપસી પુરાવી, "કુદરતનો નહીં રમેશભાઈ, આ તો સર્વિસ કરાવવાનો સંકેત છે!"
?ઓફિસે પહોંચતા જ બોસે બોલાવ્યા. "રમેશ, આ રિપોર્ટમાં તો ભૂલોની હારમાળા છે!"
?રમેશભાઈએ જ્ઞાનીની જેમ માથું હલાવ્યું, "સાહેબ, સંપૂર્ણતા (ૌકિર્ૃેહ) તો એક ભ્રમ છે. ભૂલો તો સફળતાના પગથિયાં છે."
?બોસે તેની સામે તાકીને જોયું અને કહ્યું, "તો એ પગથિયાં ચડીને અત્યારે જ બહાર જાવ અને આ ભૂલો સુધારો!"
?સાંજે જેવો ઓફિસની બહાર પગ મૂક્યો કે ધોધમાર વરસાદ તૂટી પડ્યો— છત્રી વગર. રમેશભાઈએ હાથ ફેલાવ્યા અને હસીને બોલ્યા, "પ્રકૃતિ મને આલિંગન આપી રહી છે!"
?ત્યાં જ એક પૂરપાટ જતી ગાડીએ ખાડાનું ગંદું પાણી રમેશભાઈ પર ઉડાડ્યું. રમેશભાઈ બબડ્યા, "પ્રકૃતિ હવે અતિરેક કરી રહી છે..."
?ઘરે પહોંચ્યા ત્યાં જ લાઈટ ગઈ. ચારેકોર ઘોર અંધકાર.
?રમેશભાઈ શાંતિથી બેઠા અને બોલ્યા, "ક્યારેક અંધકાર જ આપણને ભીતરનો પ્રકાશ જોવામાં મદદ કરે છે."
?મીનાબહેને હાથમાં મીણબત્તી પકડાવી અને કહ્યું, "ભીતરનો પ્રકાશ પછી જોજો, પહેલા માચીસ શોધો."
?અંતે રમેશભાઈએ એક ઊંડો નિસાસો નાખ્યો. તેમને સમજાયું કે 'દ્રષ્ટિ' એટલે બધું બરાબર છે એવો દેખાવ કરવો નહીં પણ સાચી સમજણ કેળવવી.

ભરત સાંગાણી (અમદાવાદ)
★★★★★★
**NOG NO.0059**
વિષય દ્રષ્ટિ
પ્રકાર પદ્યથ
શીર્ષક:સૃષ્ટિ ની શોભા

છે સર્જનહારની અમાપ કૃપાદ્રષ્ટિ કે જેણે આપી આપણને દ્રષ્ટિ

જો આપી ન હોત દ્રષ્ટિ તો આપણે હોત ઓશિયાળા અંધ !

માનવીની શોભાછે અમીભરી દ્રષ્ટિ
તેના આધારે છે આ સૃષ્ટિ

બાહ્ય દ્રષ્ટિ સાથે ખૂલે જો માનવ અંતરમન દ્રષ્ટિ દીપી ઊઠે સૃષ્ટિ

વિકશશે જો અરસ પરસ ની પ્રેમભરી દ્રષ્ટિ શાન્ત બને સૃષ્ટિ

જયારે મલસે દ્રષ્ટિથી દ્રષ્ટિ પ્યારે ખીલી ઊઠશે આ સૃષ્ટિ !

દ્રષ્ટિ દ્રષ્ટિ મા બહુ ફેર વધારે એક વેર પ્યારે એક વધારે પ્રેમ !

જયકાન્ત ઘેલાણી
પ્યારે'.
★★★★★★
**NOG SS no 308**
વિષય: દ્રષ્ટિ
શિર્ષક:"ચર્મ ચક્ષુ થી મનઃ ચક્ષુ ની યાત્રા"
પ્રકાર: ગદ્ય, શબ્દો: ૨૧૭

પરમ કૃપાળુ પરમાત્માએ આપણ ને સૌ ને દ્રષ્ટિ ★ નું ★અનમોલ રતન આપી ને પૃથ્વી પર મોકલ્યા છે ,કોક પ્રજ્ઞાચક્ષુ પણ હશે, તેને પણ - વિશિષ્ટ આંતર ચક્ષુ આપીને કૃપા કરી છે.
દ્રષ્ટિ માટે મને આપણ ને શીખ આપતું ઉત્તમ ઉ.હ. ધૃતરાષ્ટ્ર અને ગાંધારી લાગે છે.તે દંપતી પોતાની રીતે ઘણી ઉંચાઈ પર હતાં.છતા તેઓ ચર્મચક્ષુ અને આંતર ચક્ષુ ખોઈ બેઠા!!એમા મહાભારત ના મંડાણ થયાં.દરેક નું જીવન મોટેભાગે અડધો ગ્લાસ ભરેલ અને અડધો ગ્લાસ ખાલી ની વાર્તા જેવું હોય છે.
આ અંગે પોઝિટિવ દ્રષ્ટિ કોણ કેળવી જીવ,જગત અને જગદીશ નો નાતો કેળવી ઉત્કૃષ્ટ સુગંધ વાળું આયખું કરવાનો સૌએ યથાશક્તિ પ્રયત્ન કરવો પડે છે.તે માટે અન્ય ની લપ માં જ પડ્યા ન રહેતાં સ્વયં પર ફોકસ કરવાથી આ અનમોલ ભેટ સમું જીવન સુંદર બને છે તેવો મારો સ્વાનુભવ કહે છે.
"આંખો પવિત્ર રાખ સાંચુ તું બોલ,
તારા માં પરમેશ્વર છે કે નહીં શોધ."
રક્ષાબંધન નો તહેવાર પણ આ દ્રષ્ટિ પરિવર્તન ની સમજ આપતો સંસ્કાર નું સિંચન કરતો ઉત્સવ છે.
"નિર્મલ નયન થી તારી સૃષ્ટિ પ્રભુ હું ભાળું,
સૌંદર્ય ની સજાવટ તારી હરિ નિહાળુ..."
દ્રષ્ટિ એ માત્ર જોવાની શક્તિ જ નથી પણ અસ્તિત્વ ને ટકાવી રાખવાનો ગૂઢાર્થ પણ છે.
"કાંટા નું કામ ભલે કાંટા કરે...
ફુલડાં તો ઠેરઠેર મહેક્યા કરે..."
પુનિતા બેન -અમદાવાદ.
★★★★★★
**NOGSS :168**
વિષય: દ્રષ્ટિ
શીર્ષક:તું દ્રષ્ટિ હિન નથી
પ્રકાર:પદ્ય સંખ્યા: ૧૩૯

હેં મનુષ્ય તું આત્મા ભાગ્યશાળી છું કે તું દ્રષ્ટિ હિન નથી,
દ્રષ્ટિ ચારે કોર ફેરવી કહેજે, ૐ સર્વે ભવન્તુ સુખીનેઃ

દ્રષ્ટિ ચારે કોર ફેરવી દિન દુખિયાળાઓ નો સારથી બનજે,
તું દ્રષ્ટિ હિન નથી એનો મતલબ સમજી એને નમન કરજે.

તું દ્રષ્ટિ હિન નથી એનો મતલબ તું ભાગ્યનો વિધાતા છું,
દ્રષ્ટિ થી તું સૃષ્ટિનું જતન કરી, 'મા બાપની સેવા કરજે'.

દ્રષ્ટિને પવિત્ર રાખી, પવિત્રતાના કર્મ સદા કરતો રહેજે,
દ્રષ્ટિને અનમોલ ખજાનો સમજીને, મનને મેલુ નં કરતો.

દ્રષ્ટિ હશે સદા સીધી રેખામાં તો, જીવન સદાચારી
આભાર - નિહારીકા રવિયા બનશે,
દ્રષ્ટિ હશે સદા સીધી રેખામાં તો,જીવન કમળ ફુલ બનશે.

દ્રષ્ટિ હશે સદા સીધી રેખામાં તો, અકસ્માતનું ભય ટડશે,
દ્રષ્ટિ હશે આડી અવડી તો, દુષ્ટ કર્મ હરપળ થતાં રહેશે.

દ્રષ્ટિ નો ઉપયોગ કરી લેજો શુદ્ધ દ્રષ્ટિકોણ રાખી માનવી,
દ્રષ્ટા બને દ્રષ્ટિ હિન તો કર્મની સજા ભોગવે ભવ ભવ .

ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ' (અમદાવાદ)
ઈન્ટરનેશનલ આધ્યાત્મિક લેખ
★★★★★
**NOGGS:226**
વિષય:- દ્રષ્ટિ
શીર્ષક :-દ્રષ્ટિમાં
રચના :- પદ્ય શબ્દો:-૮૦

દ્રષ્ટિમાં તારી હું વસ્યો છું આજકાલ હાલ,
મનમંદિરમાં વાગે પ્રણયનો મીઠો રાગ હાલ.

શાંત સાંજના સ્પર્શતી તારી યાદો ઉઠે રોજ,
અંતરમાં ગૂંજે મીઠો લાગણીઓનો સૂર હાલ.

નેત્ર બંધ કરું તો તું જ દેખાય છે સર્વત્ર મને,
ખુલ્લી આંખોમાં તું જ, રહે મારો ખ્યાલ હાલ.

વાત અધૂરી રહી પણ સ્પર્શે કહી દીધું બધું,
મૌને લખાતી રહે પ્રણયની એક કથાને હાલ.

આ દ્રષ્ટિનો ભ્રમ છે કે પ્રીતિની ઊંડાઈ કોઈ,
સર્વત્ર તું તો દેખાય, એ તો મારો સવાલ હાલ

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ'(અમેરિકા)

# આપણે એવા સમયમાં જીવી રહ્યા છીએ.જ્યાં લોકો નાટક જોઈને રડે છે,અને વાસ્તવિકતા જોઈને કહે છે કે બધું નાટક છે.

ગઈ કાલે આપણે અહીંસા જીવદયાનો વિશ્વને ઉમદા સંદેશ આપનાર મહાવીર સ્વામીજીની ૨૬૬૪મી જન્મ જયંતી ઉત્સાહ ઉમંગભેર ઉજવી. આજે આપણે ચિંતનાત્મક લેખમાં જોઈએ તો "બેટા!ગાડી સાફ કરી આપુ?"
રણજીતે પેટ્રોલ પંપ પર પેટ્રોલ ભરાવવા માટે પોતાની કાર રોકી કે તરત જ એક વૃદ્ધ માણસ દોડીને તેની કાર પાસે આવ્યો. "ના કાકા!!મને હમણાં થોડી ઉતાવળ છે."આટલું કહીને, રણજીતે વૃદ્ધ માણસને ટાળવાનો પ્રયાસ કર્યો.પણ વૃદ્ધ માણસ તેને આજીજી કરવા લાગ્યો.
"દીકરા, દસ મિનિટ પણ નહીં લાગે!થોડી રાહ જુઓ,મેં સવાર થી કંઈ ખાધું નથી. મને ફક્ત દસ કે વીસ રૂપિયા આપજો !"
વૃદ્ધ માણસની હાલત જોઈને રણજીતને તેના પર દયા આવી. "કાકા,હું તમને થોડા પૈસા આપીશ તમે કંઈક ખાઈ શકો છો "તેણે કહ્યું.પરંતુ વૃદ્ધે ના પાડી અને કહ્યું,બેટા,હું ભિક્ષાસ્વીકારી શકતો નથી.
"કાકા!આ ભિક્ષા નથી.હું તમારો આદર કરું છું!તમે મારા પિતા જેવા છો.પણ તમે સવારથી કંઈ ખાધું નથી, તેથી હું તમને આ થોડા રૂપિયા આપવા માંગુ છું."
ના, દીકરા ! તું જા ! મને કોઈ જરૂર મળી રહેશે.
આટલું કહીને,વૃદ્ધ માણસ પાછો ફર્યો.રણજીત તે માણસનાઆત્મ સન્માન અને આત્મગૌરવથી આશ્ચર્યચકિત થઈ ગયો.તે કોઈ સામાન્ય વ્યક્તિ જેવો લાગતો ન હતો, તેથી રણજીત તેની કાર છોડીને તેની પાછળ ગયો.
"કાકા! શું હું તમારી સાથે બે મિનિટ વાત કરી શકું?""કહો દીકરા!"
"તમે ક્યાં રહો છો?""અહીં જ!" "અહીં ક્યાં?""આ પેટ્રોલ પંપ મારી જગ્યા છે!હું અહીં રહું છું."
"તમારી પાસે પણ કંઈક ઘર તો હશે ને?"એ એક ઘર હતું! પણ હવે એ ગયું છે.મને સમજાતુંનથી કાકા?
મારા બાળકોને શિક્ષિત કરવા અને તેમને સક્ષમ બનાવવા માટે, મેં મારું ઘર વેચી દીધું અને ભાડા ના ઘરમાં રહેવાનું શરૂ કર્યું.
"કાકા! તમારા બાળકો અત્યારે ક્યાં રહે છે?"રણજીતને ઉત્સુકતા થઈ."એક વિદેશમાં છે અને બીજો અહીં આ શહેરમાં છે!" કાકા! તમે તેમની સાથે કેમ નથી રહેતા ?
દીકરા, તેમના ઘરમાં મારા માટે રહેવાની કોઈ જગ્યા નથી."કેમ કાકા?"
"મારો એક દીકરો એન્જિનિયર છે અને બીજો ડોક્ટર!" "મને લાગે છે કે તે બંને સારી કમાણી કરે છે! શું એ સાચું છે ને, કાકા?"
હા, દીકરા! મારો એક દીકરો આ શહેરમાં ડોક્ટર છે! તે એક બંગલામાં રહે છે જેનું ભાડું સાઠ હજાર રૂપિયા છે!તે ત્રીસથી પાંત્રીસ લાખ રૂપિયાની કાર ચલાવે છે, પણ તેની પાસે મારા માટે કંઈ નથી. આટલું કહેતા વૃદ્ધની આંખોમાં આંસુ આવી ગયા.
"કાકા! તમે તમારા બાળકો પાસેથી ભરણપોષણ કરાવવા માટે કોર્ટમાં કેસ કેમ નથી કરતા ? છેવટે,તમે તેમને કમાવવા માટે બધું જ આપ્યું છે."
રણજીતે વૃદ્ધ માણસને સલાહ આપી અને તેની વાત સાંભળીને વૃદ્ધ માણસ હસ્યો.
દીકરા!! મેં તેમના ઉછેરમાં જે કંઈ ખર્ચ્યું, તે મેં મારી સ્વેચ્છાએ કર્યું!જો હું તેમના પર દાવો કરીને તે પાછા માંગીશ, તો પણ હવે હું આ બધા પૈસાનું શું કરીશ?"
"હજુ પણ કાકા! તમારે તેમની પાસેથી કંઈક લેવું જ જોઈએ.""દીકરા! હું હજુ પણ મારી મહેનતથી બે ટંકનું ભોજન કમાઈ શકું છું!! જ્યાં સુધી કેસ દાખલ કરવાની વાત છે, હું એ પણ જાણું છું કે કોર્ટમાં કેસ દાખલ કરીને બાળકો પ્રત્યે પ્રેમ અને માતાપિતા પ્રત્યે આદરની માંગણી કરી શકાતો નથી."
વૃદ્ધ માણસની વાત સાંભળ્યા પછી, રણજીત નમી ગયો અને કંઈ બોલી શક્યો નહીં, છતાં તેણે પોતાનો વિષય બદલી નાખ્યો.
"કાકા! હવે હું આટલા સમયથી અહીં રોકાઈ ગયો છુ તો થોડો વધુ સમય રોકાઈ જાવ, કૃપા કરીને મારી ગાડી પરની ધૂળ સાફ કરી દો."
વૃદ્ધ કાકાએ હાથમાં રાખેલા કપડાથી ઝડપથી કારમાંથી ધૂળ સાફ કરવાનું શરૂ કર્યું, પણ રણજીત,વૃદ્ધ માણસના જીવન માંથી ધૂળ સાફ કરવામાંઅસમર્થ મનમાં વિચારી રહ્યો હતો કે...
એક ગરીબ પિતા પાસે પોતાના બાળકોને સક્ષમ બનાવવાની હિંમત હોય છે, પરંતુ જ્યારે એ જ બાળકો મોટા થાય છે અને સક્ષમ બને છે, ત્યારે તેઓ પોતાના વૃદ્ધ માતાપિતાની સંભાળ રાખવાની હિંમત કેમ નથી બતાવતા ?
આ મૂંઝવણમાં મુકાયેલા રણજીત બોલ્યો, "કાકા, મારી પાસે કારનો શોરૂમ છે ! જો તમે ઈચ્છો તો,તમે ત્યાં કારનું જાળવણી કરી શકો છો."★
★દીકરા ! તું ખૂબ જ દયાળુ છે પણ મને કોઈની દયાની જરૂર નથી.રણજીત આગળ વધ્યો, વૃદ્ધ માણસનો હાથ પોતાના હાથમાં લીધો અને તેને ખાતરી આપી, "ના, કાકા ! તમને ત્યાં કમાયેલા પૈસા જ મળશે." અજાણ્યા વ્યક્તિની હૂંફથી વૃદ્ધ માણસનો ચહેરો ગર્વથી ભરાઈ ગયો.વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત ભૌતિકવાદથી ચકિત આજની પેઢી પોતાની જવાબદારીઓ નિભાવવામાં નિષ્ફળ રહી છે. મારા મતે, વૃદ્ધો પણ પોતાની દુર્દશા માટે જવાબદાર છે. કાશ તેમણે શિક્ષણની સાથે તેમના બાળકોને સંસ્કારના મૂલ્યોનું શિક્ષણ આપ્યું હોત; જીવીત માતા-પિતા અમૂલ્ય મૂડી છે જો તમને સેવા કરવાની તક મળી છે તો તેમની આંતરડી ઠરે તેવું કામ કરશો અને સાચવશો...!
જીવન સાત્વિક બને તો સંસાર ની આસક્તિ નષ્ટ થાય એટલે તે બતાવવા દહીંની ગોળી ફોડી એટલે કે સંસારની આ સક્તિ થઈ.સંસારની આસક્તિ જાય એટલે પ્રભુ બંધાય.તેથી તે પછી આવી દામોદર લીલા અને પ્રભુ બંધાથા એટલે દંભ મર્યો, એટલે આવી બકાસુરવધની કથા તે પછી આવી અધાસુર વધનીકથા અને સંસારનો તાપ નાશ થયો. સંસાર દાવાગ્નિ શાંત થયો એટલે ઈન્દ્રિયોની શુદ્ધિ થઈ અને અંતઃ કરણની વાસનાનો ક્ષય થાય તે બતાવવા નાગદમન લીલા અને પ્રલંબાસુર વધનીકથા આવી. આમ જીવ ઈશ્વરને મળવા લાયક થતો ગયો એટલે તેને વેણુ ગીતની વાંસળી સંભળાઈ.
વેણુગીત એટલે નાદબ્રહ્મની ઉપાસના થઈ.એટલે તે પછી આવી ગોવર્ધન લીલા. ગોવર્ધન લીલા એટલે ઈન્દ્રિયોની પુષ્ટિ એટલે વૃદ્ધિ.ઈન્દ્રિયોની પુષ્ટિ એટલે કે વૃદ્ધિ ભક્તિરસથી થાય છે.ઈન્દ્રિયો પુષ્ટ થઈ એટલે ષડ્રસનો પરાભવ થયો. વરુણદેવનો પરાભવથયો,ષડ્ સનો પરાભવ થયો,જીવ શુદ્ધ થયો, કોઈ વાસનાનું આવરણ ન રહ્યું એટલે ચીરહરણ લીલા થઈ અને તે પછી રાસલીલા થઈ, જીવ અને બ્રહ્મની એકતા થઈ. એકત્વ થયું. આનંદ આનંદ થઈ રહ્યો.બોલો,શ્રીકૃષ્ણચંદ્ર કી જય!
ચીરહરણ ન થાય ત્યાં સુધી રાસ લીલા ન થાય.શરીરને વસ્ત્ર ઢાંકે છે,તેમ વાસના પરમાત્માને ઢાંકી રાખેછે.વાસનારૂપી પડદો દૂરથાય ત્યાં સુધી જીવ અને શિવનું ઈશ્વરનું મિલન થતું નથી.વાસના રૂપી વસ્ત્ર જીવ અને પરમાત્માનું મિલન થતું અટકાવે છે. ઈન્દ્રિયો વગેરેમાંથી કામને કાઢવો સહેલો છે પણ બુદ્ધિગત કામને કાઢવો મુશ્કેલ છે. ચીરહરણ સિવાય આરો નથી.વાસનાનો ક્ષયસહેલો નથી. યોગીના શરીરમાંથી કામ જાયછે પણ બુદ્ધિમાંથી કામ જતો નથી વૃદ્ધાવસ્થામાં ઈન્દ્રિયો શિથિલ થતાં ઈન્દ્રિયોમાંથી જાય છે,પરંતુ કામ બુદ્ધિમાંથી નીકળતો નથી.ઋષિઓ પણ કામથી હારેલા. તેઓને લાગ્યું કે, કામને મારવો કઠણ છે,તેથી તે ઋષિઓ આજે ગોપીઓ થઈને આવેલા છે. ઋષિઓએ નિશ્ચય કર્યો,આ કામભાવ હવે શ્રીકૃષ્ણ ને અર્પણ કરીશું અને નિષ્કામ થઈશું.
મહાપ્રભુની આજ્ઞા છેકે,દસમ સ્કંધ એ ગોવર્ધનનાથનું હૃદય છે અને રાસલીલા પ્રાણ છે. હૃદયમાં પંચપ્રાણ રહેલા છે,તેમ શ્રીમદ્ ભાગવતની પંચપ્રાણ આ રાસ પંચાધ્યાયી છે.રાસ પંચાધ્યાયીના પાંચ અધ્યાય છે.રાસ પંચાધ્યા યીને ફળ પ્રકરણ કહે છે રાસલીલા એ નિવૃત્તિ ધર્મનું પરમ ફળ છે.શ્રી રાધાજી શુકદેવજીના ગુરુ છે. રાધાજીએ શુકદેવજીને બ્રહ્મસંબંધ કરાવ્યો છે.
આ રાધાજીની કપા વગર રાસનું મહત્ત્વ સમજવું કઠિન છે. શુકદેવજી અગાઉના જન્મમાં પોપટ હતા.પોપટ અખંડ રાધા જીના નામનું કીર્તન કરો.એક દિવસ
આભાર - નિહારીકા રવિયા રાધાજી ત્યાં પધાર્યાં.ઓ હો! આ કોણ મારા નામનો જપ કરે છે? ત્યાં પોપટ ઉપર દ્રષ્ટિ પડી. પોપટ જપ કરે છે. પોપટને બોલાવ્યો. પોપટને હથેળી ઉપર રાખી કહ્યું, વત્સ, રાધા રાધા નહીં, શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ બોલ!રાધાજી પોપટને આ પ્રમાણે મંત્રદીક્ષા આપે છે તે વખતે શ્રી કૃષ્ણ ત્યાં પધારે છે. રાધાજીની કૃપા થઈ તો શ્રીકૃષ્ણનાં દર્શન સુલભ બની ગયાં.વ્રજના અધિ શ્વરી રાધાજી છે,શ્રીરાધાજી આદ્યશક્તિ છે.સંયોજીકા શક્તિ છે.આહલાદિકા શક્તિ છે. જગતના વિખૂટા પડેલા જીવોને શ્રીકૃષ્ણ સાથે મિલન કરાવી આપનાર શક્તિ છે, તેથી વૃંદાવનમાં મહાત્માઓ રાધે રાધેનો જપ કરે છે.રાધાજી ની કૃપા થાય તો તે જીવને ભગવાનનાં દર્શન કરાવે છે.
આ પ્રમાણે શુકદેવજી પૂર્વજન્મ માં પોપટ હતા,માટે ભાગવતમાં શુકદેવજી બોલ્યા,એમ કહેવાને બદલે શ્રીશુક બોલ્યા એમ લખ્યું છે.શ્રીશબ્દનો અર્થ થાય છે રાધા શ્રીશુકએ ગુરુ-શિષ્યનું નામ છે. ભાગવતમાં કોઇનાનામ સાથે શ્રી વિશેષણ લખવામાં આવતું નથી.બ્રહ્મા ઉવાચ,સનત કુમાર ઉવાચ, વ્યાસ ઉવાચ એમ લખ્યું છે. વ્યાસજીના નામ સાથે પણ શ્રી વિશેષણ વાપર્યું નથી. ફક્ત શુકદેવજી અને ભગવાનને શ્રી વિશેષણ આપવામાં આવ્યું છે. શુકદેવજી શ્રીજીના રાધાજીના કૃપાપાત્ર છે, શિષ્ય છે તેથી તેમને શ્રી વિશેષણ આપવામાં આવ્યું છે.રાધાજી શ્રીકૃષ્ણને કહે છે, આ પોપટ મને ખૂબ ગમે છે.આમ કહી રાધાજી એ શ્રીકૃષ્ણના હાથમાં પોપટ આપ્યો છે.આમ અંતરંગમાં રાધાજી શુકદેવ જીના ગુરુ છે. પરમાત્મા સાથે સંબંધ જોડી આપે એ મહાપ્રભુ નું નામ પ્રગટરૂપે લેવાય નહીં. એટલે ભાગવતમાં શ્રીરાધાજીનું નામ પ્રગટરૂપે શુકદેવજીએ લીધું નથી.રાધાજીનું નામ જેમ ભાગવતમાં આવતું નથી,તેમ કોઈ ગોપીનું નામ પ્રગટરૂપેઆપ્યું નથી.શુકદેવજી કથા બહુ વિવેક થી કરે છે રાજા પરીક્ષિતને સાત દિવસમાં મોક્ષ અપાવવો છે. તે વખતે જો શુકદેવજી રાધેરાધે બોલવા લાગે તો ગુરુનું નામલેતાં શુકદેવજીને સમાધિ લાગી જાય તો પછી રાજાનું શું?બાપડો રખડી જ પડે ને!એટલે શુકદેવ જી ખૂબ સાવધાન છે. આજે આપણે અહીં અટકીએ આવતી કાલે ફરી મળીશું અસ્તુ.
યશપાલસિંહ ટી વાઘેલા. દરબાર ગઢ.થરા

# ધાનેરામાં મહેશ્વરી સમાજ દ્વારા રોકડીયા હનુમાનજીના ભવ્ય મંદિરની પ્રાણપ્રતિષ્ઠા ઉત્સાહભેર યોજાઈ




ધાનેરા શહેરમાં ધાર્મિક આસ્થા અને ભક્તિભાવનો અનોખો માહોલ સર્જાયો છે. મહેશ્વરી સોસાયટી ખાતે મહેશ્વરી સમાજના સર્વ સભ્યોના સહયોગથી આવેલ શ્રી રોકડીયા હનુમાનજીના નાનકડા મંદિરને ભવ્ય અને આકર્ષક મંદિરરૂપ આપવામાં આવ્યું છે. આ મંદિરના નિર્માણ સાથે જ હનુમાનજીની પ્રાણપ્રતિષ્ઠાનો પાવન અવસર આવતાં સમગ્ર સમાજમાં ઉત્સાહ અને આનંદની લાગણી છવાઈ ગઈ છે.

આ પવિત્ર પ્રસંગને અનુલક્ષીને બુધવારના રોજ વહેલી સવારથી જ ગગનભેદી મંત્રોચ્ચાર અને વૈદિક વિધિ વિધાન સાથે યજ્ઞની શુભ શરૂઆત કરવામાં આવી હતી. સાસ્ત્રી ત્રંબકજી મહારાજના માર્ગદર્શન હેઠળ ભક્તોએ શ્રદ્ધાપૂર્વક યજ્ઞમાં આહુતિ અર્પણ કરી અને મંદિર પરિસરમાં ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. બીજી તરફ, શ્રી રોકડીયા હનુમાનજીની મૂર્તિ સાથે ધાનેરા શહેરમાં ભવ્ય શોભાયાત્રા પણ યોજાઈ હતી. આ શોભાયાત્રામાં નાના-મોટા, યુવાનો અને વડીલો સહિત મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. ભજન-કીર્તન, ઢોલ-નગારાના નાદ અને જય શ્રી રામના નાદ સાથે સમગ્ર શહેરમાં ભક્તિનો રંગ છવાઈ ગયો હતો. શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈને અંતે મંદિર પરિસરમાં પહોંચતાં ભક્તોએ દાદાના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. શોભાયાત્રા પૂર્ણ થયા બાદ તમામ ભક્તોએ સાથે બેસીને ભોજન પ્રસાદ ગ્રહણ કર્યો હતો, જેમાં ભક્તિ સાથે ભાઈચારાનો સુંદર સંદેશ પણ પ્રગટ થયો હતો. સાંજના સમયે ભવ્ય સત્સંગ અને ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભજનકારો દ્વારા ભક્તિભેર કાર્યક્રમ રજૂ કરવામાં આવશે, જે ભક્તોને આધ્યાત્મિક આનંદ આપશે.આ ઉપરાંત, ગુરુવારના શુભ વિજય મુહૂર્તમાં હનુમાનજી દાદાની પ્રાણપ્રતિષ્ઠા વિધિ સંપન્ન થવાની છે, જે સમગ્ર કાર્યક્રમનો મુખ્ય આકર્ષણ બનશે. આ પવિત્ર ક્ષણના સાક્ષી બનવા માટે ધાનેરા તેમજ બહારગામમાં વસવાટ કરતા મહેશ્વરી સમાજના લોકો પણ પોતાના પરિવારો સાથે અહી ઉપસ્થિત રહ્યા છે. આ સમગ્ર આયોજનમાં મહેશ્વરી સમાજના સભ્યોનો ઉત્સાહ, એકતા અને ભક્તિભાવ સ્પષ્ટ જોવા મળી રહ્યો છે. ધાનેરા શહેર માટે આ પ્રસંગ માત્ર ધાર્મિક નહી પરંતુ સામાજિક એકતાનો પણ ઉત્તમ દાખલો બની રહ્યો છે.

### સેવા થી નેતૃત્વ તરફ

# માનનીય શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાની ઉપસ્થિતિમાં કર્ણાવતી યુનિવર્સિટીમાં NSS વાર્ષિક સમારોહ ભવ્ય રીતે યોજાયો''

કર્ણાવતી યુનિવર્સિટીમાં નેશનલ સર્વિસ સ્કીમ (દ્રજીજી) નો વાર્ષિક સમારોહ ઉત્સાહભેર અને ગૌરવપૂર્ણ વાતાવરણમાં યોજાયો, જેમાં ગુજરાત રાજ્યના માનનીય શિક્ષણ મંત્રી શ્રીમતી રિવાબા જાડેજા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમમાં યુનિવર્સિટીના આદરણીય પ્રમુખ શ્રી રિતેશ હાડા સાહેબ, દ્રજીજી રિજનલ ડિરેક્ટર ડૉ. કમલ કુમાર કર સાહેબ તથા શ્રી દીપક તેરૈયા સાહેબની ગૌરવપૂર્ણ હાજરી રહી.

કાર્યક્રમ દરમિયાન દ્રજીજી સ્વયંસેવકોની સમાજ સેવા, નેતૃત્વ ક્ષમતા અને રાષ્ટ્રપ્રેમની ભાવનાને સન્માનિત કરવામાં આવી. યુવાનોમાં સેવા દ્વારા નેતૃત્વ વિકસાવવાનો સંદેશ સમગ્ર કાર્યક્રમ દરમિયાન પ્રતિબિંબિત થયો. દ્રજીજી નો મૂળ મંત્ર "ર્દ્ર સી, મેં ર્રૂ" ની ભાવનાએ કાર્યક્રમને વિશેષ અર્થ આપ્યો.




કર્ણાવતી યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડૉ. તારિક અલી સૈયદ સાહેબના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું સફળ આયોજન થયું. પ્રોગ્રામ કોઓર્ડિનેટર અંજલી પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમ માટે અસરકારક મેન્ટરશિપ અને સંકલન આપવામાં આવ્યું.

કાર્યક્રમનું આકર્ષક સંચાલન રીવા વાલા અને ફાલ્ગુની રામચંદાની દ્વારા કરવામાં આવ્યું. સમારોહ દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી બદલ દ્રજીજી સ્વયંસેવકોને સન્માનિત કરવામાં આવ્યા અને તમામ પુરસ્કાર વિજેતાઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા.આ કાર્યક્રમે યુવાનોમાં સેવા, જવાબદારી અને રાષ્ટ્ર નિર્માણ માટે નવી પ્રેરણા જગાવી હતી.

# પ્રજાના પૈસાની બરબાદી : ગુજરાતમાં સરકારી હોસ્પિટલમાં ૪ કરોડની દવાઓ એક્સપાયર્ડ થઈ ગઈ

એક તરફ ગરીબ દર્દીઓ મોંઘી દવાઓના ખર્ચથી બચવા માટે સરકારી હોસ્પિટલો અને જનઔષધિ કેન્દ્રોના ધક્કા ખાઈ રહ્યા છે, ત્યારે બીજી તરફ રાજ્યના આરોગ્ય વિભાગની મોટી બેદરકારી સામે આવી છે. યોગ્ય જાળવણીના અભાવે ગુજરાતની વિવિધ સરકારી હોસ્પિટલોમાં રૂપિયા ૪ કરોડની દવાઓ એક્સપાયર્ડ થઈને કચરે ગઈ છે.દવાઓની જાળવણી માટે ચોક્કસ તાપમાન અને સુરક્ષિત રૂમ હોવા અનિવાર્ય છે, પરંતુ એક રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, લાખો રૂપિયાની દવાઓના પેકેટ વેરહાઉસને બદલે ખુલ્લા મેદાનમાં બિનવારસી હાલતમાં પડી રહ્યા હતા. વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૨ દરમિયાન




અમદાવાદ, સુરત અને રાજકોટ સહિતના મોટા શહેરોમાં આ પ્રકારે પ્રજાના ટેક્સના પૈસાની ઉઘાડી બરબાદી જોવા મળી છે.આ લાલિયાવાડીમાં જામનગર અને અમદાવાદ મોખરે છે. જામનગરઃ રૂ. ૯૮.૨૦ લાખની દવાઓ બિનઉપયોગી, અમદાવાદમાં રૂ. ૬૮.૧૭ લાખની દવાઓ એક્સપાયર્ડ, વડોદરામાં રૂ. ૫૮.૪૭ લાખની દવાઓ કચરે ગઈ, પાટણમાં રૂ. ૫૨.૦૬ લાખનું નુકસાન થયું છે. આરોગ્ય વિભાગ દર વર્ષે કરોડો રૂપિયાની દવાઓની ખરીદી કરે છે. જેથી ગરીબ દર્દીઓને મફત સારવાર મળી શકે. પરંતુ અધિકારીઓની બેદરકારીને કારણે આ દવાઓ દર્દીઓ સુધી પહોંચવાને બદલે ખુલ્લા પ્રાંગણમાં પડી રહીને ઝેર બની ગઈ. સમયમર્યાદા વીતી ગયા પછી પણ આ પેકેટોનો કોઈ નિકાલ કરવામાં આવ્યો ન હતો. આ ઘટનાએ સરકારી તંત્રની કાર્યપ્રણાલી સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. શું જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવાશે કે પછી પ્રજાના પૈસા આ જ રીતે બરબાદ થતા રહેશે?અમદાવાદ, અમરેલી, સુરત, વડોદરા, રાજકોટ, પાટણ, હિમતનગર, દાહોદ, જામનગર અને વલસાડમાં સૌથી વધુ દવાઓ બિનઉપયોગી બની રહી હતી. આ સ્થળો દવાઓની પુરતી સાચવણી થઈ શકી નહીં. આરોગ્ય વિભાગની ઘોર બેદરકારીને કારણે લાખો કરોડોની દવાઓ દર્દીઓ માટે બિનઉપયોગી બની રહી હતી.

# ગઠિયાઓનું કારસ્તાન : ઈ-ચલણ એપથી ફોન હેક કરી લોન લીધી અને પૈસા બેન્કમાંથી ઉપાડી લીધા

સાવધાન! વોટ્સએપ પર આવેલા 'ર્દ્રૂ ઈ-ચલાન' એપીકે (છૅંદ્મ) એ ફેક્ટરી માલિક અને એકાઉન્ટન્ટને લગાવ્યો ૧૦.૭૦ લાખનો ચૂનો ચોપડ્યો છે. સાયબર ગઠિયાઓ હવે લોકોના વિશ્વાસનો ફાયદો ઉઠાવીને છેતરપિંડીની નવી રીતો અપનાવી રહ્યા છે. અમદાવાદમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં સાયબર માફિયાઓએ પહેલા ફેક્ટરી માલિકનો ફોન હેક કર્યો અને ત્યારબાદ તેમના જ વોટ્સએપ પરથી એકાઉન્ટન્ટને લિંક મોકલીને ૧૦.૭૦ લાખ રૂપિયા સેરવી લીધા છે.વટવા ની એક ફેક્ટરીમાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરતા વિપુલભાઈ પટેલના મોબાઈલ પર તેમના શેઠ જયંતિભાઈના વોટ્સએપ




નંબર પરથી એક મેસેજ આવ્યો હતો. આ મેસેજમાં એક 'આર.ટી.ઓ. ઈ-ચલાન' નામની ફાઈલ મોકલવામાં આવી હતી અને મેમો ચેક કરવા માટે તેને ઈન્સ્ટોલ કરવાનું કહેવામાં આવ્યું હતું. એકાઉન્ટન્ટને લાગ્યું કે આ મેસેજ તેમના શેઠે જ મોકલ્યો છે, તેથી તેમણે ફાઈલ ડાઉનલોડ કરી પોતાની વિગતો જેવી કે નામ અને મોબાઈલ નંબર સબમિટ કર્યા. વિગતો ભર્યા બાદ તેમણે એપ્લિકેશન ડીલીટ પણ કરી દીધી હતી, પરંતુ ત્યાં સુધીમાં મોડું થઈ ગયું હતું.સાયબર ગઠિયાઓએ એકાઉન્ટન્ટના ફોનનો એક્સેસ મેળવી લીધો હતો. ગઠિયાઓએ માત્ર ખાતામાં પડેલા પૈસા જ નહીં, પણઃ એકાઉન્ટન્ટના નામે બેન્કમાંથી ૯.૮૧ લાખની ઈન્સ્ટન્ટ લોન મેળવી લીધી. ખાતામાં પડેલી અન્ય રકમ અને લોનના પૈસા મળી કુલ ૧૦.૭૦ લાખ રૂપિયા અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા ઉપાડી લીધા. બીજા દિવસે જ્યારે વિપુલભાઈના ફોન પર પૈસા ડેબિટ થયાના મેસેજ આવ્યા ત્યારે સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો.આ અંગે અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે 'ઈ-ચિટરો' વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. તેવામાં કોઈપણ અજાણી વ્યક્તિ કે જાણીતી વ્યક્તિના વોટ્સએપ પરથી આવેલી છૅંદ્મ ફાઈલ કે શંકાસ્પદ લિંક પર ક્લિક કરશો નહીં. આ રીતે ફોનનો એક્સેસ મેળવીને સાયબર ગઠિયાઓ તમારી જાણ બહાર લોન પણ લઈ શકે છે.

# મોંઘવારી બેકાબૂ : તેલબજારમાં ભડકો, ૪ દિવસમાં કપાસિયા તેલના ભાવ ૧૧૫ રૂપિયા વધ્યાં



એક મહિના પૂર્વે, તા. ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન ઉપર ઈઝરાયલ-અમેરિકાએ હુમલો કર્યો અને મધ્ય-પૂર્વના દેશોમાં અશાંતિ અને યુદ્ધનો માહોલની હવે ખાદ્યચીજો ઉપર ઘેરી પ્રતિકૂળ અસર વર્તાઈ રહી છે. ગુજરાતમાં સ્થાનિક ઉત્પાદિત અને રેકોર્ડબ્રેક મગફળીનો પાક છતાં યુદ્ધ પહેલાથી જ મોંઘુ કરાયેલું સિંગતેલ હવે વધુ રૂ. ૩૦ મોંઘુ થયું છે જ્યારે ચાર દિવસમાં જ કપાસિયામાં રૂ. ૧૧૫ અને આયાતી પામતેલમાં રૂ. ૧૦૦નો તોતિંગ વધારો સામાન્ય જનતા મોંઘવારીના ખપ્પરમાં હોમાઈ રહી છે.

# ભાજપના ધારાસભ્ય,પૂર્વ કોર્પોરેટરની કંપનીને ૩૦૦ ઈ- બસનો કોન્ટ્રાકટ અપાશે

કોન્ટ્રાકટ મેળવવા એક સરખો ભાવ ભરવામા આવ્યો , ભાજપના ધારાસભ્ય,પૂર્વ કોર્પોરેટરની કંપનીને ૩૦૦ ઈ-બસનોકોન્ટ્રાકટઅપાશેદરિયાપુરના ધારાસભ્ય કૌશિક જૈન અને પૂર્વ કોર્પોરેટરની કંપનીઓને પ્રતિ બીજી એપ્રિલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળશે. આ બેઠકમાં ભાજપના દરિયાપુરના ધારાસભ્ય કૌશિક જૈનની કંપની આદીનાથ બલ્ક પ્રા.લી. તથા ભાજપના બે ટર્મ કોર્પોરેટર રહેલા એવા આનંદડાગાની અરહમ ટ્રાન્સપોર્ટેશન પ્રા.લી.ને ૩૦૦ ઈલેકટ્રિક બસ સંચાલન માટેનો કોન્ટ્રાકટ આપવાની મંજુરી માંગતી દરખાસ્ત એડમિનિસ્ટ્રેટર સમક્ષ મંજુરી માટે મુકવામા આવી છે. નોંધપાત્ર બાબત એ છે કે, બંનેએ કોન્ટ્રાકટ મેળવવા એકસરખો ભાવ ભર્યા પછી નેગોશિએશન પણ એક સરખા ભાવથી કર્યુ હતુ.બંને કંપનીઓને અનુક્રમે ૧૫૦ ઈલેકટ્રિક બસ પ્રતિ કિલોમીટર રુપિયા ૯૧.૦૮ના ભાવથી ચલાવવા અપાશે.દરિયાપુરના




ધારાસભ્ય કૌશિક જૈન આદીનાથ બલ્ક પ્રા.લી.ના ફાઉન્ડર છે. અરહમ ટ્રાન્સપોર્ટેશન પ્રા.લી.ના ફાઉન્ડર કાંકરિયા વોર્ડમાંથી ભાજપના બે ટર્મ માટે કોર્પોરેટર તરીકે ચૂંટાયેલા આનંદ ડાગા છે.વર્ષ-૨૦૨૧ થી ર૬ની પુરી થયેલી ટર્મમા તેમના સ્થાને તેમના પત્ની શીતલબેન ડાગા કોર્પોરેટર તરીકે ચૂંટાતા તેમને શાસકપક્ષના દંડક અઢી વર્ષ માટે બનાવવામા આવ્યા હતા. અરહમના ડિરેકટરોમાં ઉમેદ મેઘરાજ જૈન ઉપરાંત મદનલાલ મોહનલાલ ડાગા તથા ઈશાની આનંદકુમાર ડાગા છે.૧૨ મીટરની ૩૦૦ ઈલેકટ્રિક એ.સી. રેગ્યુલર બસ લેવા ટેન્ડર કરવામા આવ્યુ હતુ.કન્સલટન્ટના ઈવેલ્યુએશન રીપોર્ટ મુજબ, પ્રથમ લોએસ્ટ પેકેજ-૧મા મેસર્સ આદીનાથ બલ્ક પ્રા.લી.તથા પેકેજ-૨માં અરહમ ટ્રાન્સપોર્ટેશન પ્રા.લી.દ્વારા પ્રતિ કિલોમીટર રુપિયા ૯૩.૩૩ નો ભાવ ભરવામા આવ્યો હતો.ટ્રાન્સપોર્ટ મેનેજર આર એલ પાંડેના કહેવા મુજબ, બંને સાથે નેગોશીએશન કરવામા આવતા પ્રતિ કિલોમીટર રુપિયા ૯૧.૦૮ના ભાવથી બંને કંપનીઓ દ્વારા બસ સંચાલન માટે તૈયારી બતાવાઈ હતી.નોંધપાત્ર બાબત એ છે કે,ગ્રોસ કોસ્ટ કોન્ટ્રાકટના દર પ્રમાણે ૧૨ મીટરની બસના સંચાલન માટે રુપિયા ૪૩.૪૯નો ભાવ નકકી કરવામા આવ્યો છે.

# આઈકોનીક રોડ ઉપર નવી સ્ટ્રીટ,ડેકોરેટીવ લાઈટ માટે યુરોપીયન સ્ટાન્ડર્ડને પ્રાધાન્ય અપાતા ખર્ચમાં ૩૦ ટકાનો વધારો

મેક ઈન ઈન્ડિયા અને વોકલ ફોર લોકલની ગુંજ છતાં અમદાવાદમ્યુનિસિપલ કોર્પોરેશનના લાઈટ વિભાગે આઈકોનીક રોડ ઉપર નવી સ્ટ્રીટ અને ડેકોરેટીવ લાઈટ માટે બી.આઈ.એસ.ના બદલે યુરોપીયન સ્ટાન્ડર્ડને પ્રાધાન્ય આપતા ખર્ચમાં ૩૦ ટકા સુધીનો વધારો થયો છે. કોર્પોરેશનની તિજોરી ઉપર આર્થિક બોજ વધારવા લાઈટ ખાતાના અધિકારીઓ આમ કરતા હોવાની રજુઆતમ્યુનિસિપલકોર્પોરેશનમાં કરવામા આવી છે.કોર્પોરેશનના લાઈટ ખાતા દ્વારા નરોડા મુકિતધામથી દહેગામ જંકશન સુધીના આઈકોનીક રોડના ડેવલપમેન્ટનાકામમાસ્ટ્રીટલાઈટના પોલ્સ અને ડેકોરેટીવ લાઈટના કામનુ ટેન્ડર ફલોટ કરવામા આવ્યુ છે. આ કામમા અંદાજિત ખર્ચ રુપિયા ૧૩.૭૪ કરોડ નકકી કરવામા આવ્યો છે.જો કે આ કામ રુપિયા ૭.૭૫ કરોડમાં થઈ શકે છે.કોર્પોરેશનને રુપિયા ૬ કરોડની બચત થઈ શકે છે.આ સિવાય ચાંદખેડામા વિસત સર્કલથી તપોવન સર્કલ સુધીના આઈકોનીક રોડના ડેવલપમેન્ટ માટે નવી સ્ટ્રીટલાઈટ અને ડેકોરેટીવ પોલનુ રુપિયા ૧૨.૮૩ કરોડના અંદાજિત ખર્ચનુ ટેન્ડર ફલોટ કરવામા આવ્યુ છે.આ કામ રુપિયા ૧૦ કરોડમાં થઈ શકે એમ છે અને ૨.૮૩ કરોડની બચત તંત્રને થાય એમ છે.સેટેલાઈટના કેનયુગ સર્કલથી એસ.જી.હાઈવે સુધીના આઈકોનીક રોડના ડેવલપમેન્ટના કામ માટે રુપિયા ૪.૬૪ કરોડનો ખર્ચ અંદાજવામા આવ્યો છે.જેમાં પણ વધુ ખર્ચ દર્શાવવામા આવ્યો છે.લાઈટ ખાતા દ્વારા એક જ પ્રકારની કામગીરી માટે જુદા જુદા ત્રણ કામ માટે રુપિયા ૩૧ કરોડના ત્રણ ટેન્ડર ફલોટ કરવામા આવ્યા છે.જેમા અંદાજિત ખર્ચ વધે એવી પ્રક્રીયા કરવામા આવી હોવાની રજુઆત કમિશનર સમક્ષ કરાઈ હોવાનુ આધારભૂતસૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.ગુજરાત સરકારે બનાવેલા એસ.ઓ.આર.માં ક્રોનીકલ પોલ સમાવિષ્ટ હોવા છતાં નોન એસ.ઓ.આર.ભાવો અંદાજમાં લઈ અઢીગણા ભાવ લઈ અંદાજિત ખર્ચ તૈયાર કરાયો હોવાનુ આધારભૂતસૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.ભારત સરકારની મેક ઈન ઈન્ડિયા અને વોકલ ફોર લોકલને પ્રાધાન્ય આપી ભારતીય માનક બ્યુરોએ એલઈડી ફિચર્સના સ્ટાન્ડર્ડ નકકી કર્યા હોવા છતાં યુરોપીયન સ્ટાન્ડર્ડને પ્રાધાન્ય આપી એસ્ટીમેટ કોસ્ટ ઉંચી બતાવી ટેન્ડર તૈયાર કરવામા આવે છે.આ અંગે કેટલીક કંપનીઓએ પણ કોર્પોરેશનમાં ફરિયાદ કરી હોવાનુ ચર્ચાઈ રહયુ છે.



Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat